ક્રમાંક/ક-૭/બોર્ડ/૨૦૨૦/ 20903

જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,

અનાવિલ ભવનની સામે,

કારેલીબાગ,વડોદરા

તા.૧૧/૦૯/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

ઉ. માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) તમામ,

જિલ્લો : વડોદરા

**વિષય :- ગુજકેટ-૨૦૨૦ અને ઉ. મા. પ્રમાણપત્ર પરીક્ષા ઓગસ્ટ(પૂરક)-૨૦૨૦ (વિજ્ઞાન પ્રવાહ) પરિણામના સાહિત્યનું વિતરણ બાબત**

**સંદર્ભ :- ગુ. મા. અને ઉ.મા શિ. બોર્ડ ગાંધીનગરના પ્રત્રક્રમાંક:મઉમશબ/ક/વિ.પ્ર./ઓગસ્ટ-૨૦૨૦ તા. ૧૦/૦૯/૨૦૨૦**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, વડોદરા જિલ્લાનું ગુજકેટ-૨૦૨૦ અને ઉ. મા. પ્રમાણપત્ર પરીક્ષા ઓગસ્ટ(પૂરક)-૨૦૨૦ (વિજ્ઞાન પ્રવાહ)ના ગુણપત્રક/ પ્રમાણપત્ર અંગેનું તમામ સાહિત્ય નીચે મુજબ દર્શાવેલ નિયત સ્થળ, સમય **અને** તારીખના રોજ ચાલુ વર્ષે COVID-19 ની પરિસ્થિતીને ધ્યાને લઈ સંદર્ભ દર્શિત પત્રની માર્ગદર્શિકા/સૂચના ને ધ્યાને રાખીને વિતરણ કરવામાં આવનાર છે. આ બાબતે સંબધિત તમામ શાળાઓએ જરૂરી માસ્ક, સામાજિક અંતર અને ઓછામાં ઓછી ભીડ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને વિતરણ કેન્દ્ર પર સમયસર હાજર રહી પરિણામ અંગેનું તમામ સાહિત્ય મેળવી લેવા જણાવવામાં આવે છે.

**પરિણામ વિતરણ કેન્દ્રનું નામ / સરનામું : સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, કારેલીબાગ, વડોદરા**

**તારીખ : તા. ૧૫/૦૯/૨૦૨૦ ને મંગળવાર**

**સમય : સવારે ૦૯ : ૦૦ કલાકે**

જિલ્લાશિક્ષણાધિકારી

વડોદરા

પરીક્ષા પરિણામ વિતરણ

ખૂબ જ અગત્યનું

ક્રમાંક:મઉમશબ/ક/વિ.પ્ર./ઓગષ્ટ-૨૦૨૦/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુનાસચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય – ગુજકેટ ઓગષ્ટ-૨૦૨૦ અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ઓગષ્ટ (પૂરક) ૨૦૨૦ વિજ્ઞાન પ્રવાહ પરિણામના સાહિત્યનું વિતરણ કરવા અંગે.

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજકેટ ઓગષ્ટ-૨૦૨૦ અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ઓગષ્ટ (પૂરક)-૨૦૨૦ વિજ્ઞાન પ્રવાહ પરિણામના સાહિત્યનું વિતરણ આપના જિલ્લાના વિતરણ કેન્દ્ર પર તા.૧૪/૦૯/૨૦૨૦ને સોમવારના રોજ બોર્ડનાં પ્રતિનિધિ મારફત મોકલવામાં આવશે.

સદર પરિણામનું વિતરણ આપના જિલ્લાની તમામ વિજ્ઞાન પ્રવાહની શાળાઓને જિલ્લા વિતરણ સ્થળેથી તા.૧૫/૦૯/૨૦૨૦ મંગળવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી કરવાનું રહેશે. આ અંગેની જાણ આપના જિલ્લાની તમામ વિજ્ઞાન પ્રવાહની શાળાઓને કરવા વિનંતી.

જિલ્લા વિતરણ સ્થળેથી શાળાઓને પરિણામનું વિતરણ Covid-19 સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી.

જિલ્લા વિતરણ સ્થળેથી જે શાળાઓને પરિણામ વિતરણ ન થયેલ હોય જેનું પરિણામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ જમા લેવાનું રહેશે અને તાત્કાલિક જે તે શાળાના આચાર્યશ્રીનો ટેલીફોનીક સંપર્ક કરી તે શાળાના પ્રતિનિધિ મારફતે પરિણામનું સાહિત્ય તાત્કાલિક મેળવી લેવા સૂચના આપવા નોંધ લેશો.

<u>નોંધ</u> - અનુભવે જણાયું છે કે બોર્ડ તરફથી શાળાવાર વિતરણ માટે મોકલવામાં આવેલ સાહિત્ય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે બિનવિતરીત (વિતરણ થયા વગર) પડી રહે છે અને તેવા કિસ્સામાં શાળા/વિદ્યાર્થીને બોર્ડ સુધી રજૂઆત માટે રૂબરૂ આવે છે માટે પરિણામના સાહિત્યનું તરત જ વિતરણ થાય તે માટે કાળજી લેશો.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બોર્ડ
૨૪૫

g:\suraj\purak exam_2020_doc.docx